ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# યા હુસેનના નારા સાથે નગરના માર્ગો પર ભવ્ય તાજીયા જુલુસ નીકળ્યું

## ત્રણ સ્થળોએથી નીકળેલા તાજીયામાં અખાડાના જવાનોએ કરતબો દેખાડી સેક્ટરવાસીઓને દંગ કર્યા : સેક્ટરે-સેક્ટરે જુલુસનુ ભવ્ય સ્વાગત કરાયું



(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૪

ન્યાય ખાતર શહીદી વહોરનાર ઈમામ-હૂસેનની યાદમાં આજે શહેરમાં મહોરમ નિમિત્તે તાજીયા જુલુસ નીકાળવામાં આવ્યું હતું. સે. ૨૮, ૨૯ અને સે. ૨૪ માંથી ભવ્ય તાજીયા જુલુસ નીકળ્યું હતું. આ હુસેનના નારા સાથે નીકળેલા આ જુલુસનું ઠેર-ઠેર મહાનુભાવો તેમજ રહીશો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતુ. તાજીયા જુલુસના રૂટમાં શરબત, દૂધ કોલ્ડ્રીંગ સહીતની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. સેક્ટરોમાં કોમી-એખલાસના માહોલમાં તાજીયા જુલુસની ઉજવણીએ આકર્ષણ જમાવ્યું હતું.



ઈસ્લામ ધર્મના પૈંગબર સાહેબના દૌહિત્ર હજરત ઈમામ હુસેન અને તેમના ચુનંદા ૭૨ સાથીઓ સાથે માનવતા કાજે કરબલા ખાતે વહોરેલી શહાદતની યાદમાં હાર્દસમા સે. ૨૮, ૨૯ અને ૨૪ તેમ ત્રણ ઠેકાણેથી ભવ્ય તાજીયા જુલુસ નીકાળવામાં આવ્યું હતું. ઘ-૬ પાસે ત્રણેય તાજીયા એકત્રિત થયા બાદ ચ-૫ અને સે. ૧૭/૨૨ થઈને સે. ૨૧ મસ્જીદ અને શાકમાર્કેટ થઈને સે. ૩૦ ચાર રસ્તા પહોંચ્યું હતું. રૂટમાં અખાડાના યુવાનોએ અનોખા કરતબ બનાવી સેક્ટરવાસીઓને દંગ કરી દીધા હતા. બ્રહ્માકુમારીઝના કૈલાસ

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપ દેશને સુશાસન આપવા કટિબદ્ધ : ભીખુભાઈ

## ગાંધીનગર શહેરના તમામ ઘરમાં ભાજપનો એક સભ્ય બનાવવા માટે શંકરભાઈ ચૌધરીનું આહ્વાન : શહેર ભાજપના સ્નેહમિલનમાં પ્રદેશ અગ્રણીઓ અને કાર્યકરો પહોંચ્યા

ગાંધીનગર, તા. ૪

ભાજપ દેશમાં અને રાજ્યમાં સુશાસન આપવા કટિબદ્ધ છે અને તે માટે રાજકીય જાગૃતતાની સાથે સામાજિક જાગૃતતાને જોડી સ્નેહસભર માહોલથી સુશાસનનો પથ નિર્ધારિત થઈ શકે છે અને તે જવાબદારી ભાજપનો કાર્યકર જ નિભાવશે તેમ કહી ભાજપના સંગઠ્ઠન મંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયાએ કાર્યકરોમાં સ્નેહનું વાતાવરણ સદાય રહે તે જરૂરી હોવા પર વિશેષ ભાર મુક્યો હતો.

ગાંધીનગર શહેર ભાજપના સ્નેહમિલન સમારોહમાં બોલતાં શ્રી દલસાણિયાએ કહ્યુ ંહતું કે સ્નેહ શબ્દનો અર્થ સ્નિગ્ધતા પણ થાય છે. તેલનું સિંચન ન થાય તો યાંત્રિક ક્ષતિઓ ઉભી થતી હોય છે એ વાત યાદ રાખજો.

તેમણે કહ્યુ કે ભાજપમાં અને નરેન્દ્રભાઈના નેતૃત્વમાં પ્રજાએ વિશ્વાસ મુક્યો છે. નરેન્દ્રભાઈ વડાપ્રધાન માત્ર નથી પણ પ્રજા વિશ્વાસના પ્રતીક છે. તેમણે કહ્યું કે ૨૦ રાજ્યોમાં કોંગ્રેસના સભ્યો સાંસદ બની શક્યા નથી. તો દસ રાજ્યો એવા છે જ્યાં ભાજપના કાર્યકરોએ રાજ્યને કોંગ્રેસમુક્ત બનાવ્યા છે.

નરેન્દ્રભાઈએ સત્તાના સૂત્રો સંભાળ્યા પછી પેટ્રોલિયમ ઉત્પાદનોમાં ૮ વખત ભાવઘટાડો થયો છે જે એક શ્રેષ્ઠ ઉદાહરણ છે. નરેન્દ્રભાઈએ અનેકવિધ પગલાંઓ ભરી સુશાસનની દિશામાં તેમના પગલાં ભર્યા છે તેનું મજબુતીકરણ આપણે રાજકીય જાગૃતિ અને સામાજિક જાગૃતતાના સુયોગ્ય અને સ્નેહસભર સંકલનથી કરવાનું છે.

આ પ્રસંગે બોલતાં રાજ્યમંત્રી અને પ્રદેશ મહામંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈ સહિતના ભાજપના કાર્યકરોની

● અનુસંધાન પાન-૭ પર





(તસવીર : કશ્યપ નિમાવત)

# આર્થિક વિકાસ માટે સિંગાપોર સ્ટ્રેટેજી ગુજરાતમાં અખત્યાર કરવા વિચારણા

ગાંધીનગર, તા.૪

રાજયમાં આર્થિક વિકાસમાં સુધારો કરવા માટે સિંગાપોરમાં અપનાવેલી સ્ટ્રેટજીનો કઈ રીતે અમલ કરીને અમલી બનાવી શકાય તેમ છે અ અંગે રાજય સરકારે વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં ઉચ્ચ અધિકારીઓની એક બેઠક મળી હતી. જેમાં ડીએફએફટી પ્રોગ્રામ અંતર્ગત હાંવર્ડ કેનેડી સ્કુલ ખાતે લીધેલ તાલીમ અન્વયે શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવે ઈનોવેશન ફોર ઈકોનોમી ડેવલપમેન્ટ ધ સીંગાપોર સ્ટ્રેટજી અંગે એક પ્રેઝન્ટેશન રજુ કર્યું હતું.

આ પ્રેઝન્ટેશન અંતર્ગત તેમણે જણાવ્યું હતું કે સિંગાપોર કે જે એક વિકસિત રાષ્ટ્ર ગણી શકાય તે ૮૦ના દાયકાના મધ્યગાળામાં રીસર્ચ અને ડેવલપમેન્ટ પાછળ ભારતના જેટલું જ એટલે કે જીડીપીના ૦.૯ ટકા જેટલો ખર્ચ કરતું હતું આજે તે જીડીપીના ૩ ટકા જેટલો ખર્ચ રીસર્ચ અને ડેવલોપમેન્ટ પાછળ કરે છે.

તેમણે આ બેઠકમાં ઈનોવેશનની મહત્વતા દર્શાવતા જણાવ્યું હતું કે વિશ્વનું ૪ ટકા વર્કફોર્સ ઈનોવેશન સાથે સંકળાયેલ છે. પરંતુ આટલા વર્કફોર્સનો વિશ્વના જીડીપીમાં ૮૦ ટકા જેટલો ફાળો છે. સરકારી તંત્રમાં અને અન્યત્ર ઈનોવશનને મહત્વ અપાય તે બાબત પર તેમણે ભાર મૂકયો હતો.

તેમણે આ બેઠકમાં એવું મંતવ્ય વ્યકત કર્યું હતું કે સિંગાપોરે અપનાવેલ પધ્ધતિ જ ગુજરાતમાં પણ અખત્યાર કરવામાં આવે તેમ નહી પરંતુ સિંગાપોરે અપનાવેલી બાબતોને રાજયના પરિપ્રેક્ષ્યમાં જરુરી ફેરફારો

● અનુસંધાન પાન-૭ પર

# સોનું ખરીદનારાઓ માટે ટુંક સમયમાં આવશે અચ્છે દિન...

## રૂપિયો મજબુત બનતા અને આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાનો ભાવ ઘટતા સોનું ૨૫ હજારની નીચે જાય તેવી શકયતાઓ : ડિસેમ્બરમાં વધુ ભાવ ઘટશે

ગાંધીનગર, તા.૪

જો આગામી દિવસોમાં તમે સોનું કે સોનાના દાગીના ખરીદવાનું પ્લાનીંગ કરી રહ્યા હોય તો થોડીક વધુ રાહ જોવી હિતાવહ છે. કારણ કે જાણકારોના જણાવ્યા મુજબ આગામી ડિસેમ્બર માસમાં સોનાનો ભાવ ૨૫ હજારથી પણ નીચે જાય તેવી શકયતા છે.

એક સમયે કુદકે ને ભુસકે વધતા સોનાના ભાવમાં હાલ ઘટાડો નોંધાઈ રહ્યો છે. ત્યારે બજારનું વલણ જોતા નિષ્ણાંતોનુ માનવું છે કે જો આવી જ રીતે રૂપિયામાં મજબુતાઈ જળવાઈ રહેશે તો આગામી માસ સુધીમાં સોનાનો ભાવ ૨૫,૦૦૦ થી ૨૪,૫૦૦ની વચ્ચે રહી શકે છે. શનિવારે એમસીએકસ ગોલ્ડના ભાવ ૨૬૧૨૪૩ રૂપિયા ગ્રામ દીઠ નોંધાયો હતો ભાવ ૧૧૭૩.૩૦ ડોલર હતો. સોનાના ભાવમાં થઈ રહેલા ઘટાડા બાબતે નિષ્ણાંતોનું કહેવું છે કે રૂપિયામાં જે રીતે મજબુતાઈ જોવા મળી રહી છે તે યથાવત રહેશે તો સોનાનો ભાવ ડીસેમ્બર માસ સુધીમાં ૨૪,૫૦૦ એ પહોંચી જશે. એવું પણ અનુમાન છે કે આગામી બે સપ્તાહ સુધીમાં સોનાના ભાવમાં મજબુતાઈ આવશે ત્યારબાદ ડીસેમ્બર સુધીમાં

● અનુસંધાન પાન-૭ પર

# સે-૨૦ થી ૩૦માં રસ્તાનું બાકી કામ નવેમ્બરમાં પૂર્ણ કરાશે

## સે-૨૯ અને ૩૦માં આજથી માર્ગ સુધારણાનું કામ શરુ કરી દેવાયું સરકારી વસાહતમાં પણ આંતરીક રસ્તાના કામ માટે દરખાસ્ત કરાશે

ગાંધીનગર, તા.૪

શહેરમાં સે-૨૦ થી ૩૦માં બાકી રહેલી માર્ગ નવીનીકરણની કામગીરી નવેમ્બર મહીના સુધીમાં પૂર્ણ કરી દેવાશે. ચોમાસા દરમિયાન રસ્તાના કામો બંધ કરી દેવાયા હતા જયારે સે-૨૯ અને ૩૦માં આજથી માર્ગ સુધારણાનું કામ શરુ કરી દેવાયું છે.

શહેરમાં આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી વિવિધ માર્ગોનું નવીનીકરણનું કામ હાથ ધરવામાં આવનાર છે. આ ઉપરાંત હાલ સેકટરોના આંતરિક રસ્તાઓને ચકાચક બનાવવા પણ બાકી કામગીરી પૂર્ણ કરવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. સે-૨૦ થી ૩૦ના આંતરિક માર્ગોને ચકાચક બનાવવા ગત ઉનાળા દરમિયાન કામ હાથ ધરવામાં આવ્યું જયારે ચોમાસા પૂર્વે મોટા ભાગના સેકટરોમાં રસ્તાનું કામ પૂર્ણ કરી દેવાયું હતું. વરસાદી દિવસો દરમિયાન રસ્તાનું કામ બંધ કરી દેવાયું હતું. જો કે સે-૨૯ અને સે-૩૦માં આંતરિક માર્ગની સુધારણાનું કામ બાકી હોવાથી તંત્ર દ્વારા આજે આ કામગીરી પૂર્ણ કરવા કામ શરુ કરી દેવાયું છે. સેકટરના ખાનગી રહેણાંક વિસ્તારમાં માર્ગ નવીનીકરણની અધુરી કામગીરી પૂર્ણ કરવા તંત્રની ટીમ કામે લાગી છે. આ ઉપરાંત જૂના સેકટરોના સરકારી રહેણાંક વિસ્તારના આંતરિક માર્ગોની સુધારણાનું કામ હજુ બાકી હોવાથી સરકારી વસાહતના રસ્તાઓને ચકાચક બનાવવા તંત્ર કક્ષાએથી નવેસરથી દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરવામાં આવશે. દરખાસ્તને મંજુરી અપાયા બાદ સરકારી રહેણાંકમાં પણ રોડ નેટવર્કનું કામ હાથ ધરાશે.





શિક્ષા વર્ગ - રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘનો વિદ્યાર્થી તાલીમ શિક્ષા વર્ગ ગાંધીનગર ખાતે આરંભાયો છે. ઉત્તર વિભાગના ૨૮૨ વિદ્યાર્થી સ્વયં સેવકોને શારીરિક શિક્ષણ અને બૌધિક શિક્ષણ દ્વારા રાષ્ટ્રભક્તિના પાઠ શીખવાય છે. સ્વરક્ષણથી રાષ્ટ્રરક્ષણ સુધીની તાલીમ આપવાનું ભગીરથ કામ આર.એસ.એસ. દ્વારા થાય છે. દેશભક્તોના જીવનચરિત્રની વાતો અને રાષ્ટ્રીય ચારિત્ર્ય ઘડતરમાં વ્યક્તિગત યોગદાન વિષેની વિશેષ તાલીમ અપાય છે. સંસ્કાર અને સંસ્કૃતિની સાથોસાથ શિસ્ત, સંયમ અને નિષ્ઠા માટેનો આગ્રહ શિક્ષાવર્ગમાં રખાય છે... સેક્ટર-૨૨ના ગુરૂકુલ સામેના પટાંગણમાં યોજાયેલ શિક્ષા વર્ગ નગરજીવન માટે પ્રેરક બની રહ્યો છે... આ તાલીમ વર્ગમાં રાષ્ટ્રભાવના વધુ બળવત્તર બને તે માટે આઝાદી સંગ્રામની વાતોથી લઈ ભારત નિર્માણના ઈતિહાસની કહાની સંભળાવાય છે... રાષ્ટ્રને સમર્પિત થવાના ભાવ સાથે યોજાતા શિક્ષા વર્ગમાં શારીરિક શિક્ષણને મહત્વ અપાય છે... ચીનના યુદ્ધ વખતે કે કારગીલ યુદ્ધ સમયે આર.એસ.એસ. ખડેપગે દેશમાં કાયદો અને વ્યવસ્થા જાળવવામાં પૂરક બન્યું હતું. મોરબી જળસંકટની વાત હોય કે કાશ્મીરના પુરની વાત હોય આર.એસ.એસ.એ સેવાભાવથી સમગ્ર સમાજને એક નવી દિશા પ્રદાન કરી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

## દુઃખદ અવસાન



મારા સુપુત્ર **બાબુભાઈ મંગળભાઈ પરમાર (બોરીજવાળા)**નું તા. ૩/૧૧/૨૦૧૪ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતની સામાજિક લૌકિક ક્રિયા બુધવાર, શુક્રવાર અને શનિવાર**ના રોજ અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : પ્લોટ નં. ૪૦૧/૧, સેક્ટર-૨/બી, ગાંધીનગર**

| | |
|---|---|
| મંગળભાઈ બેચરભાઈ પરમાર (પિતા) | મોહનભાઈ મંગલભાઈ પરમાર (ભાઈ) |
| રમણભાઈ મંગળભાઈ પરમાર (ભાઈ) | અમૃતભાઈ મંગળભાઈ પરમાર (ભાઈ) |
| ઈશ્વરભાઈ મંગળભાઈ પરમાર (ભાઈ) | કેશવલાલ પરષોત્તમભાઈ પરમાર (ભાઈ) |
| પ્રકાશ મંગળભાઈ પરમાર (ભાઈ) | પુષ્પાબેન બાબુભાઈ પરમાર (પત્ની) |
| ચેતના બાબુભાઈ પરમાર (પુત્રી) | ટ્વિંકલ બાબુભાઈ પરમાર (પુત્રી) |
| નિરવ બાબુભાઈ પરમાર(પુત્ર) | **સમસ્ત પરમાર પરિવાર** |

# વિધાનસભાના અધ્યક્ષપદ માટે પસંદગની કવાયત આરંભાઈ

## ૭મીએ ઉમેદવરીપત્રો ભરવાની પ્રક્રિયા શરૂ થશે : ૧૦મીએ ચૂંટણી માટે કાર્યકારી અધ્યક્ષ મંગુભાઈ પટેલ, આત્મારામ, ચુડાસમા, નિમાબેન આચાર્યના નામની ચર્ચા

ગાંધીનગર, તા.૪

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષપદની ચૂંટણી માટે તા. ૭મી નવેમ્બર ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયા શરૂ થશે જે ૯મી નવેમ્બર સુધી ચાલશે. તા. ૧૦ અને ૧૧મી નવેમ્બર દરમિયાન બે દિવસના ટૂંકા વિધાનસભા સત્રમાં પ્રથમ દિવસે અધ્યક્ષની ચૂંટણી યોજાશે જેમાં કોંગ્રેસ તરફથી ઉમેદવાર ઉભો રાખવામાં નહીં આવે તો ભાજપના ઉમેદવાર વિધાનસભાના નવા અધ્યક્ષ તરીકે બિનહરીફ ચૂંટણી આપશે તેવી શક્યતાઓ દેખાઈ રહી છે. ગુજરાત વિધાનસભાના તત્કાલીન અધ્યક્ષ વજુભાઈ વાળાની કર્ણાટકના રાજ્યપાલ તરીકે વરણી થયા બાદ અધ્યક્ષપદની ખાલી પડેલી જગ્યા પર મંગુભાઈ પટેલને વિધાનસભાના કાર્યકારી અધ્યક્ષ તરીકેનો હવાલો સોંપવામાં આવ્યો હતો. હવે ૧૦મી નવેમ્બરના રોજ વિધાનસભામાં યોજાનારી ચૂંટણી માટે કાર્યકારી અધ્યક્ષ મંગુભાઈ પટેલ, શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ડો. નિમાબેન આચાર્ય, વિભાવરીબેન દવે તથા આત્મારામ પરમાર વગેરેના નામો મુખ્યત્વે ચર્ચાઈ રહ્યા છે. જેમાં કાર્યકારી અધ્યક્ષ મંગુભાઈ પટેલ અથવા આત્મારામ પરમારની શક્યતાઓ ઉજવી દેખાય છે.

ભારતીય જનતા પક્ષ તરફથી વિધાનસભાના અધ્યક્ષની પસંદગી માટે હાથ ધરાયેલી પ્રક્રિયામાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, પ્રદેશ અધ્યક્ષ આરસી ફળદુ તથા ગુજરાતના પ્રભારી દિનેશ શર્મા સાથે મળીને નિર્ણય લેશે અને આ પૈકી કોઈ એક ઉમેદવારની પસંદગી પર આખરી મહોર મારવામાં આવશે. નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા બાદ ગુજરાતની રાજકીય સ્થિતિમાં નોંધપાત્ર ઉતાર ચઢાવ આવ્યા છે. જેમાં વર્તમાન મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સામે અનેક હિતશત્રુઓએ પડદા પાછળ નકારાત્મક ભૂમિકા ભજવવાનું શરૂ કર્યું હોવાથી વિધાનસભા ગૃહનું સંચાલન પણ વજુભાઈ વાળાની ગેરહાજરીમાં પડકારરૂપ બની રહ્યું છે. આ સ્થિતિમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષપદે પોતાના સો ટકા વફાદાર અને મજબૂત આગેવાનને પસંદ કરશે જેના પરિપેક્ષ્યમાં નવા અધ્યક્ષની પસંદગી પૂર્વ તેમની વફાદારી, નિષ્ઠા અને ભૂતકાળના લાંબા ટ્રેક રેકર્ડ પણ ચકાસી લેવામાં આવસે તેમ પણ સુત્રોએ જણાવ્યું હતું.





ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧




SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com